# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ, બાબેન

**(ગુજરાતી માધ્યમ | અંગ્રેજી માધ્યમ-GSEB)**

**મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા. બારડોલી, જિ. સુરત.**



**" You cannot change your future but you can change your habits and surely, your habits will change your future."**

સ્નેહી વાલી મિત્રો...

આપ કુશળ હશો.

આપના બાળકે ધો.9 ની વાર્ષિક પરીક્ષા ખૂબ સારી રીતે આપી ભવિષ્યની કેડી કંડારવા પ્રામાણિક પ્રયત્નો કર્યા. આપણા ધો.9 ના વિદ્યાર્થીઓ શૈક્ષણિક કારકિર્દીના મહત્ત્વના વર્ષમાં એટલે કે ધો.10 માં પ્રવેશી રહયાં છે ત્યારે શાળાના દરેક બાળકો બોર્ડ-પરીક્ષામાં ઉચ્ચ સફળતા મેળવે તે હેતુથી ધો.10 ના રાબેતા મુજબના વર્ગો શરૂ કરવા જઈ રહયાં છીએ. આપ સૌ વાલી મિત્રોનો હંમેશા હકારાત્મક સહકાર મળતો રહયો છે અને મળતો રહેશે તેવી અપેક્ષા સહ...

'પ્રયત્ન રૂપી શરૂઆત એ મહાન કાર્યોની જનેતા છે' - આપના બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે ધો.10 ની શરૂઆત તા. 23-03-2026 ને સોમવારથી કરવા જઈ રહયાં છીએ જેની આપ નોંધ લેશો.

**<u>ધો.9 માં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન આપશો.</u>**

- ધો.9 ના વિદ્યાર્થીઓને તા. 15-03-2026 ને રવિવારથી તા. 22-03-2026 ને રવિવાર સુધી શાળામાં રજા રહેશે.
- ધો.10 ના વર્ગો :- તા. 23-03-2026 ને સોમવારથી તા. 09-05-2026 ને શનિવાર સુધી રહેશે.
- આ વર્ગો દરમિયાન ધો. 10 નો રાબેતા મુજબનો અભ્યાસ ચાલશે જેથી કોઈ વિદ્યાર્થીઓ ગેરહાજર રહેશે નહીં.
- ધો.9 નું વાર્ષિક પરિણામ :- તા. 01-05-2026 ને શુક્રવારના રોજ રહેશે, તેનો સમય આપને જણાવવામાં આવશે.
- ઉનાળુ વેકેશન :- તા.10-05-2026 ને રવિવારથી તા. 20-05-2026 ને બુધવાર સુધી રહેશે.
- ધો.10 ના પ્રથમ સત્રનો પ્રારંભ :- તા.21-05-2026 ને ગુરૂવારથી શાળા રાબેતા મુજબ શરૂ રહેશે.

---

## -:: <u>વાલી-શિક્ષક મિટીંગ</u> ::-

આપનું બાળક ધો.10 ના મહત્ત્વના વર્ષમાં ઉચ્ચ સફળતા મેળવે તે માટે વર્ષની શરૂઆતથી જ આયોજન બધ્ધ તૈયારી કરે તે ખૂબ જરૂરી છે. આપણી શાળાનું આયોજન તેમજ વિદ્યાર્થી અને વાલીશ્રીએ ધો.10 ના મહત્ત્વના વર્ષમાં કઈ-કઈ કાળજી રાખવી જોઈએ તે સમજવા આપને જણાવેલ તારીખ અને સમયે ફરજિયાત હાજર રહેશો.

**તારીખ :- 23-03-2026 ને સોમવાર    સ્થળ :- (VGS) ઓડિટોરીયમ    સમય :- 12:15 pm**

- આપ શાળાએ આવો ત્યારે આપનું વાહન યોગ્ય જગ્યાએ પાર્ક કરી વ્યવસ્થાપકશ્રીને સહકાર આપશો.
- આપના બાળકની ધો.9 ની ફી ભરવાની બાકી હોય તો ફરજિયાત ભરવાની રહેશે.

**આચાર્યશ્રી**

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન.**